ISSN 2454-8596
www.MyVedant.com
An International Multidisciplinary Research E-Journal

# રોકડીયા પાકો ના ઉત્પાદનમાં થયેલા પરિવર્તનો : ગુજરાત રાજ્ય ના સંદર્ભમાં

**વાઘેલા મિત એમ**

અર્થશાસ્ત્ર ભવન

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

**સારાંશ**

ગુજરાતના અર્થતંત્રમાં કૃષિક્ષેત્ર મહત્વનું સ્થાન ધરાવે છે. ગુજરાતની ગૃહ પેદાશમાં જો કે કૃષિક્ષેત્ર નો ફાળો લગભગ ૧૫% જેટલો જ છે. પરંતુ રોજગારી ક્ષેત્રે તેનો ફાળો લગભગ ૫૨% જેટલો અંદાજાય છે. ખેતીને લગતા વિજ્ઞાનના વિકાસ સાથે આ વર્તમાન સમયમાં વૈજ્ઞાનિક ખેત પદ્ધતિ વિકાસ પામી રહી છે. અને ખેતવિકાસ માટે ખેતીવાડીની સુધારણાના સમયગાળા દરમિયાન ગુજરાતમાં ખેતીના વિવિધ પાકોના વાવેતર વિસ્તાર, ઉત્પાદન, અને ઉત્પાદકતામાં નોંધપાત્ર વિકાસલક્ષી પરિવર્તનો થયા છે. ખેડુતો અનાજના બદલે રોકડીયા પાકોના ઉત્પાદન તરફ વળ્યા છે. પ્રસ્તુત સંશોધન પત્ર માં ગુજરાત રાજ્યના રોકડીયા પાકોના ઉત્પાદનમાં થયેલા પરિવર્તનોનો અભ્યાસ કરવાનો એક પ્રયાસ કરવામાં આવ્યો છે જેમાં મુખ્યત્વે કપાસ, મગફળી અને તમાકુના પાકનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**ચાવીરૂપ શબ્દો**

રોકડિયા પાકો, ઉત્પાદન, ઉત્પાદનના અંદાજો

**પ્રસ્તાવના**

રોકડિયા પાકો

માં ગુજરાતમાં મુખ્યત્વે કપાસ, મગફળી અને તમાકુના પાકનું ઉત્પાદન વિશેષ પ્રમાણમાં થાય છે. મગફળી અને કપાસના ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર દેશમાં મોખરે છે. જ્યારે તમાકુના ઉત્પાદનમાં ગુજરાત આંધ્રપ્રદેશ પછી બીજો ક્રમ ધરાવે છે. રોકડિયા પાકોના ઉત્પાદનમાં વધારાને લીધે ગુજરાત રાજ્યના ખેડુતોની આર્થિક સ્થિતિમાં સુધારો થવા પામ્યો છે. તમાકુના સેવનની વિરુદ્ધ સરકારે ઝુંબેશ સાધી હોવાથી તમાકુનો વાવેતર વિસ્તાર ક્રમશઃ ઘટતો જોવા મળે છે. તેના બદલે વૈકલ્પિક પાકોના વાવેતરમાં વધારો થવા પામ્યો છે.

રોકડિયા પાકોના ઉત્પાદનમાં ગુજરાત ઉત્તરોત્તર અગ્રિમસ્થાન મેળવી રહ્યું છે એ નોંધપાત્ર ઘટના છે. જેમ-જેમ સિંચાઇની સગવડ વધતી જાય છે તેમ-
તેમ આ વલણ વધુ સુલભ બનતું જાય છે. લગભગ ૧૦ પ્રકારના રોકડીયા પાકોના ઉત્પાદનમાં ગુજરાત ભારતમાં પ્રથમ ક્રમે આવે છે. ગુજરાતનો હિસ્સો દેશના કુલ ઉત્પાદનમાં ઈસબગુલ
માં ૩૩%, એરંડામાં ૮૧%, મગફળીમાં ૩૧%, તમાકુમાં ૩૭% જેટલો છે. એરંડામાં તો સમગ્ર વિશ્વના કુલ ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો ૬૧% જેટલો છે એટલું જ નહિ પણ ગુજરાત તેના કુલ ઉત્પાદનના ૮૫% જેટલી નિકાસો કરે છે.

ISSN 2454-8596
www.MyVedant.com
An International Multidisciplinary Research E-Journal

**અર્થ**

"રોકડીયા પાકો એટલે એવા પાકો કે જેના વેચાણ દ્વારા આવકની પ્રાપ્તિ થતી હોય અને જેનો ઉપયોગ ઉદ્યોગોમાં કાચામાલ તરીકે કરવામાં આવતો હોય." મગફળી એ ગુજરાતનો મુખ્ય રોકડીયો પાક છે, આ ઉપરાંત કપાસ અને તમાકુનો પણ સમાવેશ થાય છે. કપાસનો વિવિધ કાપડ ઉદ્યોગમાં કાચામાલ તરીકે ઉપયોગ કરવામાં આવે છે . તમાકુની પેદાશ પણ ઘણા કેમિકલ ઉદ્યોગોનો આધાર છે. આમ ગુજરાતમાં રોકડીયા પાકોની તરફેણમાં ઉત્પાદનની તરાહ બદલાઇ રહી છે.

**સંદર્ભ સાહિત્યની સમીક્ષા**

૧ પ્રો. એસ. કનવર દ્વારા પોતાના સંશોધનમાં ૧૯૬૭–૬૮ થી ૧૯૯૯–
૨૦૦૦ ના પાકોના ઉત્પાદન સાધનો દ્વારા તેના ઉત્પાદનમાં થયેલા ફેરફારોનો અભ્યાસ કરવામાં આવેલો છે. તેમના મતે આર્થિક વિકાસની શરૂઆતની વ્યૂહરચનાઓમા વિકાસના સ્ત્રોત તરીકે કૃષિની અવગણના કરવામાં આવી હતી. ૧૯૬૦ ના દાયકાના મધ્ય ભાગથી સરકાર દ્વારા સરકારી એજન્સીઓને પાકનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા માટે વાર્ષિક અબજો રૂપિયાનો ખર્ચ કરવાની પ્રક્રિયા પૂરી પાડે છે.

૨ એન.માથુર અને એસ.પી.કશ્યપ (૨૦૦૦) દ્વારા પોતાના સંશોધનમાં ગુજરાતના અર્થકારણમા કૃષિક્ષેત્રે હરિયાળી ક્રાંતિ પૂર્વે અને હરિયાળી ક્રાંતિ પછી ઉત્પાદન અને ઉત્પાદકતાના ક્ષેત્રે જે પરિણામો જોવા મળ્યા છે તેનું આંકડાકીય વિશ્લેષણ કરીને આ બન્ને તજજ્ઞોએ કૃષિ અને તેમાં જોવા મળેલ ફેરફારો અને કૃષિક્ષેત્રે વિકાસની તરેહ, માળખાકીય મૂડીરોકાણની વિશેષતા અને મર્યાદાઓની છણાવટ કરી છે.

૩ બી.પટેલ અને ડો.એન.બસેર (૨૦૧૫) દ્વારા પોતાના સંશોધનમાં ગુજરાતમાં કૃષિ વિકાસ અને ઉત્પાદનના પ્રવાહોની કામગીરીની તપાસ કરે છે. આ સંશોધન પત્રમાં છેલ્લા ત્રણ દાયકા દરમિયાન ગુજરાતમાં કૃષિ
વિકાસદર અને વિવિધ પાકોના
ઉત્પાદનમાં ગુજરાત કૃષિની કામગીરીને પણ પ્રકાશિત કરે છે. પ્રસ્તુત સંશોધનપત્ર મુખ્યત્વે મધ્યકાલીન, પ્રમાણીત વિચલન, સહસંબંધ જેવા આંકડાકીય સાધનોની મદદથી ગૌણ સ્ત્રોત પર કેન્દ્રિત છે.

૪ ડો.એલ.આઇ.શેખ (૨૦૧૯) દ્વારા પોતાના સંશોધનમાં ગુજરાતમાં અનાજ અને રોકડીયા પાકોના ઉત્પાદન અને ઉત્પાદકતામાં થયેલા પરિવર્તનોનો આંકડાકીય રીતે અભ્યાસ કરેલ છે. તેમણે પોતાના સંશોધનમાં મુખ્યત્વે મગફળી, કપાસ અને તમાકુના ઉત્પાદનના ૧૯૬૦–૬૧ થી ૨૦૧૫–૧૬ સુધીના આંકડાઓનો અભ્યાસ કરેલો છે

**સંશોધનના હેતુઓ**

૧ રોકડીયા પાકોના ઉત્પાદનમાં થયેલા પરિવર્તનોનો આંકડાકીય રીતે અભ્યાસ કરવો.

૨ ૨૦૧૧–૧૨ થી ૨૦૧૯–૨૦ ના વર્ષોના ઉત્પાદનના આંકડાઓનો તુલનાત્મક અભ્યાસ કરવો.

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

**<u>સંશોધન પદ્ધતિ</u>**

પ્રસ્તુત સંશોધન વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પર આધારિત છે. રોકડિયા પાકોના ઉત્પાદનમાં થયેલા પરિવર્તનોની માહિતી પ્રાપ્ત કરવા માટે દ્વિતીય કક્ષાના માહિતી સ્ત્રોતનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં કૃષિ સંબંધિત પુસ્તકો, સંશોધન પત્રો, સામયિકો અને વેબસાઈટોનો ઉપયોગ કરેલ છે. પ્રસ્તુત સંશોધનમાં ૨૦૧૧–૧૨ થી ૨૦૧૯–૨૦ ના વર્ષોના
દરમિયાન ગુજરાતમાં રોકડીયા પાકોના ઉત્પાદનમાં થયેલા પરિવર્તનોનો અભ્યાસ હાથ ધર્યો છે.

**<u>માહિતીનું પૃથ્થકરણ અને અર્થઘટન</u>**

**કોષ્ટક નં ૧**

**મગફળીનું ઉત્પાદન દર્શાવતું કોષ્ટક**

| **વર્ષ** | **મગફળીનું ઉત્પાદન લાખ ટનમાં** | **ટકાવારી** | **ફેરફાર** |
|---|---|---|---|
| ૨૦૧૧-૧૨ | ૨૭૧૭ | ૧૦૦% | ૦૦ |
| ૨૦૧૨-૧૩ | ૭૫૮ | ૨૭.૮૯% | ૫૨(-) |
| ૨૦૧૩-૧૪ | ૫૪૪૬ | ૨૦૦.૪૪% | ૧૦૦.૪૪(+) |
| ૨૦૧૪-૧૫ | ૩૦૧૮ | ૧૧૧.૦૭% | ૧૧.૦૭(+) |
| ૨૦૧૫-૧૬ | ૨૮૯૨ | ૧૦૬.૪૪% | ૬.૪૪(+) |
| ૨૦૧૬-૧૭ | ૩૭૩૬ | ૧૩૭.50% | ૩૭.50(+) |
| ૨૦૧૭-૧૮ | ૪૦૬૬ | ૧૪૯.૬૫% | ૪૯.૬૫(+) |
| ૨૦૧૮-૧૯ | ૨૨૦૩ | ૮૧.૦૮% | ૧૯(-) |
| ૨૦૧૯-૨૦ | ૪૫૮૭ | ૧૬૨.૮૨% | ૬૨.૮૨(+) |

**Source**: – Directorate of Economics and Statistic ખેતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય

**અર્થઘટન**

કોષ્ટક નં ૧ મગફળીના ઉત્પાદનમાં થયેલા પરિવર્તનો દર્શાવે છે. પ્રસ્તુત સંશોધનમાં ૨૦૧૧–૧૨ થી ૨૦૧૯–૨૦ ના વર્ષના આંકડાઓનો તુલનાત્મક અભ્યાસ આવ્યો છે. સંશોધન અભ્યાસ માટે ૨૦૧૧–૧૨ ના વર્ષના ઉત્પાદનને આધારરૂપ રાખી અન્ય વર્ષોના ઉત્પાદનની સાથે તુલના કરવામાં આવી છે.કોષ્ટક પરથી જોઈ શકાય છે કે ૨૦૧૩–૧૪ ના વર્ષમાં સૌથી વધુ મગફળીનું ઉત્પાદન જોવા મળે છે. જે ૨૦૧૧–૧૨ ના વર્ષના ઉત્પાદનથી વધીને ૨૦૦.૪૪% થયું છે  ૨૦૧૧–૧૨ ની સરખામણીએ ૧૦૦.૪૪% નો વધારો દર્શાવે છે. એ જ રીતે ૨૦૧૨–૧૩ ના વર્ષમાં સૌથી ઓછું ઉત્પાદન જોવા મળે છે. જે ૨૦૧૧–૧૨ ના વર્ષના ઉત્પાદનથી ઘટીને ૨૭.૮૯% નો  ઘટાડો દર્શાવે છે જે ૭૨% નો ઘટાડો દર્શાવે છે. ઉપરાંત ૨૦૧૯–૨૦ ના વર્ષમાં પણ મગફળીનું ઉત્પાદન વધીને ૧૬૨.૮૨% થયુ છે ૨૦૧૧–૧૨ ની સરખામણીએ ૬૨.૮૨% નો વધારો દર્શાવે છે. કોષ્ટક પરથી જાણી શકાય છે કે અમુક વર્ષોને બાદ કરતાં મગફળીના ઉત્પાદનમાં ૨૦૧૧–૧૨ ની સરખામણીએ સતત વધારો જોવા મળે છે.

**કોષ્ટક નં ૨**

**કપાસનું ઉત્પાદન દર્શાવતું કોષ્ટક** -લાખ ટનમાં

| વર્ષ | કપાસનું ઉત્પાદન | ટકાવારી | ફેરફાર |
|---|---|---|---|
| ૨૦૧૧-૧૨ | ૧૦૩૭૫ | ૧૦૦% | ૦૦ |
| ૨૦૧૨-૧૩ | ૪૯૬૩ | ૪૭.૮૩% | ૫૨.૧૭(-) |
| ૨૦૧૩-૧૪ | ૧૦૦૮૮ | ૯૭.૨૩% | ૨.૭૭(-) |
| ૨૦૧૪-૧૫ | ૯૬૨૪ | ૯૨.૭૬% | ૭.૨૪(-) |
| ૨૦૧૫-૧૬ | ૮૮૦૧ | ૩૩% | ૬૭(-) |
| ૨૦૧૬-૧૭ | ૮૪૭૧ | ૮૧.૬૪% | ૧૮.૩૬(-) |
| ૨૦૧૭-૧૮ | ૧૦૧૧૩ | ૯૭.૪૭% | ૨.૫૩(-) |
| ૨૦૧૮-૧૯ | ૬૨૭૯ | ૬૦.૫૨% | ૩૯.૪૮(-) |
| ૨૦૧૯-૨૦ | ૮૬૨૬ | ૮૩.૧૪% | ૧૬.૮૬(-) |

**Source**: – Directorate of Economics and Statistics

ISSN 2454-8596
www.MyVedant.com
An International Multidisciplinary Research E-Journal

ખેતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય

**અર્થઘટન**

કોષ્ટક નં ૨ માં કપાસના ઉત્પાદનમાં ૨૦૧૧–૧૨ થી ૨૦૧૯–૨૦ ના વર્ષોના દરમિયાન થયેલા ફેરફારોનો આંકડાકીય અભ્યાસ કરેલો છે. ૨૦૧૧_૧૨ ના ઉત્પાદનને આધારરૂપ ગણી અન્ય વર્ષો ના ઉત્પાદન સાથે તેની તુલના કરવામાં આવી છે. કોષ્ટક પરથી જોઈ શકાય છે કે ૨૦૧૧–૧૨ ના વર્ષ પછી કપાસના ઉત્પાદનમાં સતત વધઘટ થતી જોવા મળે છે. ૨૦૧૧–૧૨ ના ઉત્પાદનની સરખામણીએ અન્ય વર્ષોના ઉત્પાદનમાં ઘટાડો જોવા મળે છે. પરંતુ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૭–૧૮ ના વર્ષના ઉત્પાદનમાં સારો એવો વધારો જોવા મળેલ છે. ૨૦૧૯–૨૦ માં કપાસનું ઉત્પાદન ૨૦૧૧–૧૨ની સરખામણીએ ૮૩.૧૪% જોવા મળેલ છે જે ૧૬.૮૬% નો ઘટાડો દર્શાવે છે. ઉપરોક્ત કોષ્ટક પરથી કહી શકાય કે ગુજરાતમાં કપાસના ઉત્પાદનમાં ઘટાડો થવાનું વલણ જોવા મળેલ છે

**કોષ્ટક નં ૩**

**તમાકુનુ ઉત્પાદન દર્શાવતું કોષ્ટક -** લાખ ટનમાં

| **વર્ષ** | **તમાકુનું ઉત્પાદન** | **ટકાવારી** | **ફેરફાર** |
|---|---|---|---|
| ૨૦૧૧-૧૨ | ૨૭૮ | ૧૦૦% | ૦૦ |
| ૨૦૧૨-૧૩ | ૨૧૨ | ૭૬.૨૫% | ૨૩.૭૫(-) |
| ૨૦૧૩-૧૪ | ૨૪૦ | ૮૬.૩૩% | ૧૩.૬૭(-) |
| ૨૦૧૪-૧૫ | ૨૩૬ | ૮૪.૮૯% | ૧૫.૧૧(-) |
| ૨૦૧૫-૧૬ | ૩૬૪ | ૧૩૦.૯૩% | ૩૦.૯૩(+) |
| ૨૦૧૬-૧૭ | ૩૧૭ | ૧૧૪.૦૨% | ૧૪.૦૨(+) |
| ૨૦૧૭-૧૮ | ૫૧૯ | ૧૮૬.૦૨% | ૮૬.૭૦(+) |
| ૨૦૧૮-૧૯ | ૩૩૧ | ૧૧૯.૦૬% | ૧૯.૦૬(+) |
| ૨૦૧૯-૨૦ | ૩૪૫ | ૧૨૫.૦૦% | ૨૫(+) |

**Source**: – Directorate of Economics and Statistics

ખેતી નિયામકશ્રીની કચેરી. ગુજરાત રાજ્ય

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

**અર્થઘટન**

કોષ્ટક નં ૩ માં તમાકુના ઉત્પાદનમાં ૨૦૧૧–૧૨ થી ૨૦૧૯–
૨૦ ના વર્ષો દરમિયાન થયેલા ફેરફારોનો આંકડાકીય અભ્યાસ કરવામાં આવ્યો છે. ૨૦૧૧–
૧૨ ના વર્ષના ઉત્પાદનને આધારરૂપ ગણી અન્ય વર્ષોના ઉત્પાદન સાથે તેની તુલના કરવામાં આવી છે. આંકડાઓ
નો અભ્યાસ કરતા જણાય છે કે ૨૦૧૧–
૧૨ પછીના શરૂઆતના વર્ષો દરમિયાન તમાકુના ઉત્પાદનમાં ઘટાડો જોવા મળ્યો છે. ૨૦૧૫–
૧૬ ના વર્ષ પછીના સમયગાળામાં ઉત્પાદનમાં સારો એવો વધારો જોવા મળ્યો છે. ૨૦૧૧–
૧૨ ના ઉત્પાદનને ધ્યાને લેતા ૨૦૧૭–
૧૮ નું ઉત્પાદન સૌથી વધુ જોવા મળે છે જે ૧૮૬.૭૦% થવા પામ્યું છે જે ૮૬.૭૦% નો વધારો દર્શાવે છે. અને સૌથી
ઓછું ઉત્પાદન ૨૦૧૨–૧૩ ના વર્ષમાં ૭૬.૨૫% થયું હતું જે ૨૩.૭૫% નો ઘટાડો દર્શાવે છે. ૨૦૧૯–
૨૦ ના વર્ષમાં માટે તમાકુના ઉત્પાદનમાં સારો એવો વધારો જોવા મળ્યો છે જે ૧૨૫.૦૦% થયું છે જે ૨૦૧૧–
૧૨ ના ઉત્પાદનની તુલનાએ ૨૫% નો વધારો દર્શાવે છે. આમ કોષ્ટકના અભ્યાસ પરથી કહી શકાય કે ગુજરાતમાં
હાલમાં તમાકુના ઉત્પાદનમાં સારો એવો વધારો થવા પામ્યો છે.

## તારણો

- પ્રસ્તુત સંશોધન પરથી તારણ કાઢી શકાય કે ૨૦૧૧–૧૨ થી ૨૦૧૯–૨૦ના સમયગાળા દરમિયાન એકાદ–બે વર્ષને બાદ કરતાં મગફળીના ઉત્પાદનમાં સારા એવા પ્રમાણમાં વધારો જોવા મળેલ છે. આ સમયગાળા દરમિયાન સૌથી વધુ ઉત્પાદન ૨૦૧૩–૧૪ ના વર્ષમાં જોવા મળે છે અને સૌથી ઓછું ઉત્પાદન ૨૦૧૨–૧૩ ના વર્ષ દરમિયાન જોવા મળેલ છે.

- કપાસના ઉત્પાદનમાં ૨૦૧૧–૧૨ ના વર્ષ બાદ ઘટાડો જોવા મળેલ છે. પરંતુ આંકડાઓના અભ્યાસ પરથી જાણી શકાય છે કે ૨૦૧૩–૧૪ અને ૨૦૧૭–૧૮ ના વર્ષો દરમિયાન કપાસનું ઉત્પાદન સારા એવા પ્રમાણમાં વધવા પામ્યું હતું.

- તમાકુના ઉત્પાદનમાં ૨૦૧૧–૧૨ ના વર્ષ પછીના અમુક વર્ષો દરમિયાન તેમાં ઘટાડો જોવા મળેલ, પરંતુ ૨૦૧૫–૧૬ ના વર્ષ પછીના સમયગાળામાં તમાકુના ઉત્પાદનમાં સારો એવો વધારો જોવા મળ્યો છે. વર્તમાનમાં તેના ઉત્પાદનમાં થોડાઘણા અંશે વધઘટ થતી જોવા મળે છે.

- ઉપરોક્ત સંશોધન પરથી તારણ કાઢી શકાય કે હાલમાં ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે રોકડીયા પાકોના ઉત્પાદનમાં સારો એવો વધારો થયો છે. ખેડુતો રોકડીયા પાકોના ઉત્પાદન તરફ વળ્યા છે.

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

## સંદર્ભ સૂચિ


### પુસ્તકો

- ભારતીય કૃષિના પ્રશ્નો અને નીતિ; પૃષ્ઠ નં ૧૭૪ ( પ્રો.વાય.એમ.વાસિયા, પ્રો.આર.સી.જોષી )
- ભારતીય આર્થિક નીતિ ( પ્રો.આર.સી.જોષી, ડો.ડી.એલ.વરસાણી, પ્રો.જે.પી ભટ્ટ)

### સંશોધન પત્રો

- S. Kanwar; Price incentives, Nonprice factors and Crop Supply Response: The Indian Cash Crops
- N. Mathur & S.P. Kashyap; Agriculture in Gujarat: Problems and Prospects
- ડો.એલ.આઈ.શેખ; ગુજરાતમાં ખેતી
- બી.પટેલ અને ડો.એન.બસેર; ગુજરાતમાં કૃષિક્ષેત્રની સમસ્યાઓ અને પડકારો

### અન્ય સંદર્ભ

- Directorate of Economics and Statistics
- ખેતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય